| GJPM010017692026 | | |
|---|---|---|
| | અરજી દાખલ તારીખ | ૨૯–૫– ૨૦૨૬ |
| | અરજી રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૯–૫– ૨૦૨૬ |
| | અરજી ફેસલ તારીખ | ૦૨–૦૬–૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૩ | |

---

પંચમહાલ જીલ્લાના મહેરબાન સ્પે.પોકસો કોર્ટના ન્યાયાધિશશ્રી
અને બીજા એડીશ્નલ સેસન્સ જજશ્રી સમક્ષ, મુ.ગોધરા.

---

ક્રો.પ.અરજી નં.૫૩૨/૨૦૨૬

આંક :

| અરજદાર | ઉ.વ | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ભવદીપકુમાર અજીતભાઇ પરમાર | ૧૮ | મજુરી | રતનપુર, નવાઘરા, તા.ગોધરા., જી.પંચમહાલ. |

**વિરુધ્ધ**

| સામાવાળા | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત | | | ગાંધીનગર |
| ૨. ××××× | | | |

બી.એન.એસ.ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી

અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.એ.શેઠ

સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોર

# ચુકાદો

૧.આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ કાંકણપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧ર૦૭૦૭૮ર૬૦૧પર/ર૦ર૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૭,૧૩૭(ર),૬૪(ર)(એમ)તથા પોકસો એકટની કલમ-૪,૬,૧ર મુજબના કામે પોલીસે તેઓને તા.ર૬/પ/ર૦ર૬ ના રોજ અટક કરેલા છે અને હાલ તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

ર. આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની સગીરવયની દિકરી ભોગબનનાર ઉ.વ.૧૭ વર્ષ ૦૯ માસ, રપ દિવસનીને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્ની તરીકે રાખવા તેમજ શારીરીક શોષણ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભોગબનનારની સાથે અવારનવાર શારીરીક સંભોગ બળાત્કાર કરી ગુનો કરેલો.

3. આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ જે અન્વયે સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોર હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અધિકારીએ અરજીની વિરુધ્ધમાં આંક-૪થી સોગંદનામું રજુ કરેલું છે અને સામાવાળા નં.ર ને નોટીસ કરતાં તેઓને નોટીસ બજી ગયેલ છે અને આંક-પથી ફરીયાદીએ લેખીત વાંધા રજુ કરેલા છે જે વંચાણે લીધા.

૪.આ કામના અરજદાર/આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી ડી.એ.શેઠ એ તેમની દલીલ કરતા જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુનો કરેલો નથી.વધુમાં તેમની દલીલ એવી છે કે, કહેવાતો કોઇ જ બનાવ બનેલ નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, બનાવ તા.૧૪/૪/ર૬ ના રોજ બનેલો છે જેની ફરીયાદ ફરીયાદીએ તા.૧૬/૪/ર૬ ના રોજ આપેલી છે.આમ, ફરીયાદ બે દિવસ વિલંબમાં આપવા માટે કોઇ વ્યાજબી ખુલાસો ફરીયાદીએ કરેલ નથી. વધુમાં તેમની દલીલ એવી છે કે, તેઓ નાની વયના છે અને તેઓ સામે

પ્રથમદર્શનીય કેસ નથી અને અરજદાર/આરોપી સામેનો કેસ ચાલી જતાં સમય લાગે તેમ છે અને અરજદાર/આરોપી પંચમહાલ જીલ્લાના રહેવાસી હોય કેસ ચાલતા દરમ્યાન તેમની હાજરી મળી રહે તેમ હોય અને નામ.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીને જામીન મુકત કરવા જોઇએ.

**૫.**વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોરની દલીલ એવી છે કે,બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૦૯ માસ ૨૫ દિવસની હતી અને તેણીની સાથે અરજદાર/આરોપીએ શારીરીક સબંધ બાંધીને અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલો છે. વધુમાં તેમની દલીલ એવી છે કે,આરોપીએ ભોગબનનાર સાથે અવારનવાર શારીરીક સબંધ બાંધેલ હોવાનું જણાઇ આવેલ છે તેમજ આ ગુનાની તપાસ ચાલુ હોય અને આરોપી ગુનાનું પુનરાવર્તન કરે તેમ હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા જોઇએ નહિ.

**૬.**ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લેતાં તથા ત.ક.અધિકારીનું આંક-૪ નું સોગંદનામું વંચાણે લેતાં તથા ફરીયાદી તર્ફે આંક-૫થી લેખીત વાંધા વંચાણે લેતાં આ કામના અરજદાર/આરોપી હાલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૭,૧૩૭(૨),૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ-૪,૬,૧૨ મુજબના ગુનામાં જયુડીશીયલ કસ્ટડીમાં હોવાનું જણાય આવે છે.તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં હાલ આ ગુનાની તપાસ ચાલુ હોવાનું જણાય આવે છે. વધુમાં અરજદાર/આરોપી તથા ભોગબનનાર બંને ગોધરા તાલુકાના રહીશ છે અને નજીક નજીકના ગામના રહેવાસી હોય અને તેથી જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગબનનાર સાથે સંપર્કમાં આવવાની પૂરી સંભાવના રહેલ છે અને તેથી તપાસમાં હસ્તક્ષેપ થવાની સંભાવના રહેલી હોવાનું જણાય છે.આમ, હાલ આ ગુનાની તપાસ ચાલુ હોય અને આરોપીને જામીન મુકત કરવાથી તપાસમાં હસ્તક્ષેપ થવાની સંભાવના હોય અરજદાર/આરોપીને જામીન મુકત

કરવાનું ઉચિત જણાતું નથી.જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

અરજદારની બી.એન.એસની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.ર'જી માહે જુન, સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦ર/૦૬/ર૦ર૬

**(બીપીન કે.બારોટ)**
સ્પે.જજ(પોકસો) અને
બીજા એડી.સેસન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UIC No.GJ00566

* SST